South West London
Health & Care
Partnership

# કનેક્ટિંગ યોર કેઅર

સાઉથ વેસ્ટ લંડનમાં જે રીતે અમે તમારી સંભાળને જોડીએ છીએ તેમાં સુધારો કરી રહ્યાં છીએ. ટૂંક સમયમાં, સ્વાસ્થ્ય અને સંભાળ વ્યાવસાયિકો જ્યારે તમારે જરૂર હોય ત્યારે અન્ય NHS સેવાઓમાંથી તમારા રેકોર્ડ્સને ઍક્સેસ કરવામાં સમર્થ થશે. જ્યારે તમે તમારા GP અથવા હૉસ્પિટલની મુલાકાત લો છો ત્યારે આ  તેને તમારા માટે ઝડપી અને સરળ બનાવશે.

# મારા માટે કનેક્ટિંગ યોર કેઅર નો શો અર્થ થાય છે?

કનેક્ટિંગ યોર કેઅરનો અર્થ એ છે કે તમારી સંભાળમાં સામેલ લોકો જેમ કે તમારા GP, સહભાગી હોસ્પિટલના હોસ્પિટલ ડોકટરો અથવા નર્સો (ક્રોયડન હેલ્થ સર્વિસીઝ NHS ટ્રસ્ટ, સેન્ટ જ્યોર્જ હેલ્થકેઅર NHS ટ્રસ્ટ, કિંગ્સ્ટન હોસ્પિટલ NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ અને એપ્સમ એન્ડ સેન્ટ હેલિયર યુનિવર્સિટી હોસ્પિટલ) સુરક્ષિત સિસ્ટમ દ્વારા તમારા વિશેની મહત્વપૂર્ણ માહિતી જોવા માટે સમર્થ થશે. આ તેમને તમારી સંભાળ વિશેના શ્રેષ્ઠ નિર્ણયો લેવામાં મદદ કરશે, જે કટોકટીની પરિસ્થિતિમાં જીવનરક્ષક બની શકે છે.

ભવિષ્યમાં, અમે તમારા માટે વધુ વિગતવાર સંભાળના રેકોર્ડ શેર કરવા માટે અન્ય સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ પ્રદાતાઓ સાથે પણ કામ કરીશું, જેમાં તમને સમુદાય NHS સેવાઓ, માનસિક સ્વાસ્થ્ય સેવાઓ અને સામાજિક સંભાળ સેવાઓમાંથી પ્રાપ્ત થતી સારવારનો સમાવેશ થશે. આ તમારી સંભાળ સાથે સંકળાયેલા દરેકને તમારી સારવાર માટે શ્રેષ્ઠ નિર્ણયો લેવામાં સમર્થ બનાવશે.

---

## ફાયદાઓ શું છે?

- તમારે તમારો ઇતિહાસ એક જ વાર અમને કહેવો પડશે.
- તમે બિનજરૂરી અથવા પુનરાવર્તિત મુલાકાતો અને પરીક્ષણો ટાળી શકો છો.
- તમારી સંભાળ રાખતા લોકો માટે મહત્વપૂર્ણ માહિતી તરત જ દ્રશ્યમાન થાય છે
- વધુ ઉપલબ્ધ માહિતી સાથે તમારી કાળજી વિશેના નિર્ણયો વધુ ઝડપથી લઇ શકાય છે

## કઈ માહિતી શેર કરવામાં આવશે?

શેર કરવામાં આવતી માહિતીમાં સામેલ છે:

- નામ, સરનામું અને NHS નંબર
- મુલાકાતો અને હોસ્પિટલ હાજરી
- મહત્વપૂર્ણ તબીબી ઇતિહાસ જેમાં નિદાન, દવાઓ અને એલર્જીનો સમાવેશ થાય છે
- પરીક્ષણના પરિણામો જેવા કે લોહી પરીક્ષણ અને એક્સ-રે

## કઈ માહિતી શેર નહિ થાય?

કેટલીક માહિતીને અત્યંત સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને કાયદા દ્વારા પ્રતિબંધિત છે, જેમ કે જાતીય સ્વાસ્થ્ય, સહાયિત ગર્ભાવસ્થા અને દત્તક-ગ્રહણ રેકોર્ડ્સ. આ માહિતી શેર નહિ કરવામાં આવે.

## શું મારી માહિતી સલામત છે?

તમારી માહિતી સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સંસ્થાઓની સિસ્ટમમાં સુરક્ષિત રીતે સંગ્રહિત બની રહેશે જેમણે તે માહિતીને એકત્રિત કરી છે. કોઈ પણ માહિતી કનેક્ટિંગ યોર કેઅરના દર્શક માટે સંગ્રહિત કરવામાં કે સાચવવામાં નહીં આવે.

તમારા વિશેની માહિતી ડેટા પ્રોટેક્શન એક્ટ 2018 અંતર્ગત સંરક્ષિત છે. આમાં જરૂરી છે કે સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ વ્યવસાયકર્તાઓ:

- ફક્ત તમારા વિશેની જ માહિતી જોઈ શકે જેથી તેઓ તમને જોઈતી સંભાળ પૂરી પાડી શકે
- તમારા રેકોર્ડને ફરજિયાત સુરક્ષિત રાખે
- વિશ્વાસની ફરજ હોય

આ ઉપરાંત, તમામ સંગઠનો જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) 2016 દ્વારા શાસિત થાય છે, જેનો અર્થ છે કે તેઓ તમારી માહિતી માટે જવાબદાર છે અને તેને સુરક્ષિત રાખવી આવશ્યક છે.

તમારા વિશેની માહિતી ખાનગી કંપનીઓ સાથે શેર કરી શકાશે અથવા વેચી શકાશે નહીં.

## મારા વિશેની માહિતી કોણ જોઈ શકશે?

માત્ર તે જ લોકો જે તમારી સંભાળમાં પ્રત્યક્ષ રીતે સામેલ છે, તે સમયે અને સ્થળે જયારે તમે તેમને જુઓ, અથવા જ્યારે તેઓ તમને જોવા અથવા પરિણામો, તબીબી પત્રોનું અનુવર્તન કરવાની અથવા તમારી સંભાળનું અનુવર્તન કરવાની તૈયારી કરતા હોય. તે તમારા GP અથવા પ્રેક્ટિસ નર્સ અથવા હોસ્પિટલ ડોકટરો અને નર્સો હોઈ શકે છે, જેમાં વહીવટકર્તાઓ સામેલ છે જેઓ તમારી મુલાકાત અને કાળજીની ગોઠવણ કરતા હોઈ શકે છે.

## શું મારી પાસે પસંદગી છે?

જો તમારી માહિતી આ રીતે શેર થાય તેમાં તમે ખુશ હોવ તો તમારે કંઈપણ કરવાની જરૂર નથી. કનેક્ટિંગ યોર કેઅર સિસ્ટમ આગામી થોડા મહિનામાં તબક્કાવાર કરવામાં આવશે.

## જો મારે બહાર નીકળી જવું હોય તો?

જો તમારી માહિતીને શેર કરવામાં આવે તેમ તમે ન ઇચ્છતા હોવ તો તમને **www.swlondon.nhs.uk/connectingyourcare** ની મુલાકાત લઈને ઑપ્ટ-આઉટ (નીકળી જવું) ફોર્મ ડાઉનલોડ કરીને બહાર નીકળી જવાનો અધિકાર છે.

તમે સહભાગી હોસ્પિટલો પૈકી એકમાંથી દર્દી સલાહ અને સંપર્ક સેવાઓ (પેશન્ટ એડવાઇઝ એન્ડ લિએશન સર્વિસીસ) (PALS) ના તમારા GP પ્રેક્ટિસમાંથી પણ ઑપ્ટ-આઉટ ફોર્મ લઇ શકો છો:

- Croydon Health Services NHS Trust
- Epsom & St Helier University Hospital
- St George's Healthcare NHS Trust
- Kingston Hospital NHS Foundation Trust

બહાર નીકળી જવાનો અર્થ એ છે કે તમારી માહિતી અત્યારે જે રીતે વહેંચવામાં આવે છે તે રીતે જ - ફોન, ઇમેઇલ, ફૅક્સ અથવા પત્ર દ્વારા - વહેંચવામાં આવશે પરંતુ તેમાં એકત્રિત થવા માટે સમય લાગી શકે છે અને તમે લાભોનો કનેક્ટિંગ યોર કેઅર દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે માહિતી શેર કરવાનો ફાયદો લેવા માટે સમર્થ થશો નહીં.

આનો અર્થ એ છે કે તમારાં સંભાળકર્તા લોકો જ્યારે તમારું મૂલ્યાંકન કરતા હોય ત્યારે તેમના માટે સંપૂર્ણ ઇતિહાસ ઉપલબ્ધ હોતા નથી અને તમારી સંભાળ વિશેનાં નિર્ણયો લેવામાં વધુ સમય લાગી શકે છે.

કનેક્ટિંગ યોર કેઅરમાંથી બહાર નીકળી જવાને કોઈ પણ રીતે રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ અથવા અન્ય કોઈપણ ડેટા શેરિંગ કરારો સાથે લિંક કરવામાં આવેલ નથી

## શું તમે વધુ જાણવા માંગો છો?

વધુ માહિતી માટે મુલાકાત લો
**www.swlondon.nhs.uk/connectingyourcare**

**connectingyourcare@swlondon.nhs.uk**

**0203 668 3100**

**Freepost SWL CONNECTING YOUR CARE**